ગાંધીનગર સમાચાર
તા. ૬-૭-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

અષાઢ પહેલાં જ રાજ્યમાં કાચું સોનું વરસ્યું

આષાઢ બેસે એ પહેલાં જ વરસાદનું આગમન થતાં જીવ માત્રને ટાઢક વળી છે. થોડા દિવસ અગાઉ એમ જ લાગવા માંડેલું કે મેઘરાજા રિસામણાં લઈ બેસશે અને ખેડૂતોનાં મોંઘામૂલાં બિયારણ માથે પડશે. મેઘરાજાએ વાજતે ગાજતે પધરામણી કરીને આપણી ફડક હેઠી બેસાડી દીધી. ફકત રાજધાનીમાં જ નહીં, આખા ગુજરાતમાં બલકે દેશભરમાં ચોમાસું બેસી ગયું છે. કયાંક તો એવું ભારે કે એનાથી સાચવીને ચાલવું પડે. ગુજરાત પ્રમાણમાં ઓછા વરસાદવાળો પ્રદેશ ગણાય છે. કયારેક દુકાળનાં ડાકલાં પણ વાગતાં રહે છે. છપ્પનિયા દુકાળનો કાળઝાળ અનુભવ પન્નાલાલ પટેલે યાદગાર નવલકથા 'માનવીની ભવાઈ'માં આલેખીને સાહિત્યકારનો સમાજધર્મ નિભાવ્યો છે. ગુજરાતમાં વરસાદ ઓછો પડતો હોઈ એનો ખમતીધર ખેડૂત પાતાળ ઢંઢોળીને એની ફસલ લીલી રાખતો રહ્યો છે. પાતાળ કૂવા પાછળ ખેડૂત અઢળક ખર્ચ કરતો રહ્યો અને ધરતીના પેટાળને ચૂસતો રહ્યો. આખરે પાતાળજળ પણ ખાલી થઈ જતાં એને નર્મદાનાં નીર સિવાય બીજો આશરો જ ન રહ્યો. વરસાદ નિયમિત રીતે થાય તો ગુજરાત પંજાબ અને હરિયાણાને આંટી ખવડાવી દે, એવો મહેનતકશ ગુજરાતની ધરતીનો લાલ છે. છેલ્લાં કેટલાંક વર્ષથી ચોમાસાં સારાં જતાં હોવાથી ખેડૂત બે પાંદડે થયો છે. કૃષિ વિકાસનો દર પણ સંતોષકારક રહેતો આવ્યો છે. પરંતુ વરસાદના પાણીને વહી જતું રોકવામાં રાજ્યસરકારે કોઈ નોંધપાત્ર કામગીરી કરી નથી. ખેત-તલાવડી અને આડબંધોની પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ દ્વારા પ્રણીત યોજના ઘણી સફળ થઈ હતી અને એથી સૌરાષ્ટ્રમાં ખેડૂત વર્ગને ઘણો લાભ થયો હતો. માંડ બે દિવસના વરસાદમાં આપણાં મહાનગરોમાં ઠેર ઠેર પાણી ભરાઈ જાય છે. ગાંધીનગર જેવા પાટનગરમાં સચિવાલય સામે પાણી ભરાય અને અત્ર-તત્ર-સર્વત્ર ભૂવા પડી જાય ત્યારે તંત્રની કાર્યક્ષમતા પરત્વે શંકા ન જાગે તો જ નવાઈ. વરસાદ કેવું અને કેટલું નુકસાન કરી શકે તેનો ઉત્તરાખંડને જ અનુભવ હોય એવું નથી. એવો અનુભવ સુરત અને વડોદરા જેવાં શહેરોને પણ છે. તાપીનું તાંડવ સુરતને કોઈપણ ચોમાસા દરમિયાન વેરવિખેર કરી શકે છે. એમ છલકાઈ જતા ડૅમોમાંથી વેળાસર પાણી છોડવામાં ન આવે તો મચ્છુ જેવી હોનારત પણ થઈ શકે છે. સુંદરલાલ બહુગુણા જેવા પ્રકૃતિવિદો નદીઓ નાથવાની વિરુદ્ધ છે, પરંતુ નદીઓનાં જળ વેડફાઈ જવા દેવાંય આપણા કૃષિ પ્રધાન દેશને પોસાય એમ નથી. ગંગા- યમુના- બ્રહ્મપુત્ર જેવી બારેમાસ બે કાંઠે વહેતી નદીઓનાં નીર રાષ્ટ્રીય નદી ગ્રીડ યોજના દ્વારા દેશના સૂકા, દુકાળિયા પ્રદેશોમાં પહોંચાડી શકાય તો ભારત દુનિયાનો નં. ૧ કૃષિ ઉપજ પેદા કરનારો દેશ બની શકે એમાં શંકાને સ્થાન નથી. બે અઠવાડિયા કરતાં પણ લાંબો પોરો ખાધા પછી થયેલી મેઘરાજાની પધારામણીથી આબાલવૃદ્ધ પ્રસન્નતા અનુભવી રહ્યાં છે. વરસાદના સૌમ્ય સ્વરૂપથી પશુ-પંખી અને વનરાજિ પણ રાજી રાજી છે. એક સારા વરસાદ પછી ખેડૂત વરાપ માગતો હોય છે. મેઘરાજા થોડો વિસામો ખાઈને પાછા 'આષાઢસ્ય પ્રથમ દિવસે' પુનઃ પધરામણી કરે એવી પ્રાર્થના કરીએ. આ ઋતુ આર્દ્રતાની, પલળવાની, ભીંજાવા અને ભીંજવવાની એટલે કે પ્રેમની ઋતુ છે. આપણો દરેક કવિ વરસાદથી નખશિખ ભીંજાયો છે. વરસાદી કવિ રમેશ પારેખ વાદળ પૂંઠે સંતાઈને એમનું પ્રિય ગીત ગણગણી રહ્યા હશેઃ 'મને ભીંજવે તું, તને વરસાદ ભીંજવે...'

ઘર એ 'શાળા' હોવું જોઈએ અને શાળા એ 'ઘર' હોવી જોઈએ

'રિસ્પોન્સીબલ પેરેન્ટીંગ' સેમિનાર શ્રૃંખલાના અંતિમ દિવસે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટના વાઈસ ચાન્સેલર શ્રી હર્ષદભાઈ શાહનું સંબોધન

બાળકોને ભયભીત નહીં મજબૂત બનાવવા જોઈએ : ડો. ગૌરાંગ થાનકી

ગાંધીનગર, તા.૫

'બાળકોની શૈક્ષણિક કારકિર્દી પર ધ્યાન કેન્દ્રીત કરવાને બદલે વાલીઓએ બાળકોના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.' ચિલ્ડ્રન્સ યુનિવર્સિટના વાઈસ ચાન્સેલર શ્રી હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું કે 'બાળકોના શરીર, પ્રાણ, મન, બુધ્ધિ અને આત્માનો વિકાસ એટલે સર્વાંગી વિકાસ. વાલીઓએ બાળકોના શરીરમાં શકિત, હૃદયમાં ભકિત, સ્વભાવમાં અનુશાસન અને વૃત્તિમાં વિજયનો સંચાર થાય એવા વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ.'

ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં 'રિસ્પોન્સીબલ પરેન્ટીંગ' વિષયક યોજાઈ રહેલી સેમનાર શ્રૃંખલાના છેલ્લા દિવસે ધોરણ ૯-૧૦-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓને સંબોધતાં શ્રી હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું કે 'સંતાનોને સંવેદનશીલ બનાવવા જોઈએ. હૃદય સુધી પહોંચે તે જ શિક્ષણનું સાચું હાર્દ છે. શાળા વિદ્યાર્થી માટે 'ઘર' હોવી જોઈએ અને 'ઘર' એ 'શાળા' હોવી જોઈએ. પ્રત્યેક વ્યકિત પોતાનામાં ગુણવત્તાના ઉમેરણથી જ વિશેષ વ્યકિત બની શકે છે સંતાનોના ગમા અણગમા પ્રત્યે વાલીઓએ સજાગ રહેવું જોઈએ. એટલું જ નહીં તેમની રૂચિ પ્રમાણે તેમને પ્રોત્સાહિત કરવાથી તેઓ પ્રગતિ કરી શકશે. તમામ બાળકોએ ડોકટર કે એન્જિનીયર બનવું જ એવું જરુરી નથી.'

ગાંધીનગરના જાણીતા મનોચિકિત્સક ડૉ. ગૌરાંગ થાનકીએ વાલીઓને સંબોધતાં જણાવ્યું હતું કે, 'બાળકોને આપણે જ ખોટું બોલવા પ્રેરીએ છીએ. બાળક મુશ્કેલીમાં હોય ત્યારે તે પોતાના વર્તન દ્વારા અણસાર આપતું જ હોય છે. બાળકોના સંકેતોને સમજવાની સજ્જતા કેળવવાની આશ્યકતા છે. બાળકોના મનમાં પરીક્ષા પ્રત્યે કે ભવિષ્ય માટે ભયનું આરોપણ પણ જાણે-અજાણે વાલીઓ દ્વારા જ થતું હોય છે.' એમ કહીને તેમણે જણાવ્યું હતું કે, 'વાલીઓ પોતાના ભય પોતાના સંતાનોમાં ટ્રાન્સફર કરે છે, ખરેખર તો બાળકને ભયભીત બનાવવાને બદલે મજબૂત બનાવવાની આવશ્યકતા છે, જેથી તે આવનારી તમામ તકલીફોનો સરળતાથી સામનો કરી શકે.'

માઉન્ટ કાર્મેલ સ્કૂલ પરેન્ટસ-ટિચર્સ એસોસિએશનના સચિવ અને સ્કૂલ કાઉન્સિલર શ્રીમતી મમતા રાવલે આ ચાર દિવસીય સેમિનાર શ્રૃંખલાનું હાર્દ સમજાવતા જણાવ્યું હતું કે, 'માતા-પિતા પોતાની કારકિર્દી અને જવાબદારીઓ સાથે તાલમેલ જાળવવાની ચિંતામાં બાળકોને પોતાનો ગુણવત્તાસભર સમય ફાળવી શકતા નથી. પરિણામે પ્રશ્નો સર્જાય છે. બાલમંદિરથી લઈને બારમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ સાથે તબક્કાવાર આ પ્રકારે વિચાર વિમર્શ કરવાથી સારા પરિણામ મળી શકશે.' તેમણે એમ પણ જણાવ્યું હતું કે, 'અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ માતા પિતા પોતાના સંતાનો સાથે તાદાત્મ્ય કેળવશે અને સંતાનો પ્રત્યે અભિમુખ થશે તો સમાજના ઘણા પ્રશ્નો આસાનીથી ઉકલી જશે.' શાળાના સમગ્ર વાલીઓ વતીથી શ્રી નિમેષ રાવલે આવા આયોજન બદલ શાળા પરીવારનો આભાર માન્યો હતો. વાલીઓએ પ્રશ્નોત્તરી દ્વારા તજજ્ઞો પાસેથી વિશેષ જાણકારી અને સમસ્યાઓનું સમાધાન પણ મેળવ્યા હતા.

માઉન્ટ કાર્મેલ સ્કૂલના પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાએ સહુ વાલીઓને સ્નેહપૂર્વક આવકારીને આ આયોજનમાં સહયોગ આપવા બદલ સહુનો આભાર માન્યો હતો. 'રિસ્પોન્સીબલ પેરેન્ટીંગ' સેમિનાર શ્રૃંખલાના અંતિમ દિવસે લાયોનેસ કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ શ્રીમતી આરતી ભટ્ટ અને લાયોનેસ કલબની બહેનો પણ ઉપસ્થિત રહી હતી.

ગાંધીનગરમાં સરકારી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની સંકલન બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર ખાતે આજે રાજ્યની સરકારી યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલર્સની સંકલન બેઠક રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

આ બેઠકને સંબોધતા શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ગુજરાતે શિક્ષણમાં ગુણવત્તા, શિસ્ત અને પાયાની જરૂરિયાત ઉપર ખાસ ધ્યાન આપ્યું છે.

શિક્ષણના સમગ્રતયા ભાવને મધ્યમાં રાખીને ઉચ્ચ શિક્ષણની ચર્ચા માટે ગુજરાતની તમામ સરકારી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરોની બેઠકને સંબોધતાં શિક્ષણ મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, કયારેક સંકલનના અભાવે પણ સમસ્યા ઉભી થતી હોય છે. આવી સંભવિત સમસ્યાઓ ઉભી જ થાય નહીં તે માટે આવી સંકલન બેઠક સમયાંતરે યોજવામાં આવશે. જેના કારણે શિક્ષણમાં ગુણવત્તા, શિસ્ત અને ખૂટતી જરૂરિયાત અંગે ચર્ચા વિચારણા કરી શકાશે એટલું જ નહીં રોજીંદા વહીવટની મુશ્કેલીઓ પણ દૂર થશે અને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના શિક્ષણને નવી ચાઈએ લઈ જવાના સંકલ્પો સાકાર કરી શકાશે.

આ બેઠકમાં ગુજરાતની તમામ યુનિવર્સિટીઓના ઉપસ્થિત રહેલા વાઈસ ચાન્સેલર્સે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા અને વહીવટી માળખાને વધુ સુદ્દઢ બનાવવા તેમજ શિક્ષણમાં ઉચ્ચ ગુણવત્તા અને શિસ્તની સાધના માટે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલર્સ ઉપરાંત શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

યાર તું શાંતિથી ખાડામાં બેસી રહે. જો હું બધા ડીપાર્ટમેન્ટમાં ફોન કરી જાણું છું કે આ ખાડો કયા ડીપાર્ટમેન્ટની અંડરમાં આવે છે પછી તને બહાર કાઢીએ...!

મેવા દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન

ગાંધીનગર, તા. ૫

ધોરણ- ૧૦-૧૨ની માર્ચ ૨૦૧૩માં લેવાયેલ પરીક્ષામાં ગાંધીનગર તેમજ ગુડા વિસ્તારમાં સમાવેશ ગામોના મુસ્લિમ સમાજના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨માં ૬૦ટકા કે વધુ, સામાન્ય પ્રવાહમાં ૬૫થી વધુ, ધોરણ-૧૦ની પરીક્ષામાં બોર્ડ લીધેલ પરીક્ષાના મુખ્ય ૫ વિષયમાંથી ૭૫ ટકા થી વધુ ગુણ મેળવનાર, ડીગ્રી, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટમાં સફળ વિદ્યાર્થીઓના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ તા. ૨૫મી જુલાઈ સુધીમાં સેકટર એમ.યુ. કાગદી પ્લોટ નં. ૧૪૮૩/૨, સેકટર-૫/બી ખાતે પહોંચાડવાની રહેશે. જનરસ સેકેટરી એમ.યુ. કાગદીએ જણાવેલ છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત પત્રકારત્વક્ષેત્રમાં પ્રવેશ મેળવવા જોગ

ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા પત્રકારત્વનો ડિપ્લોમા પી.જી કોર્ષની શરૂઆત કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમમાં ગાંધીનગર સહિત જિલ્લાના પત્રકારત્વક્ષેત્રમાં રસધરાવતાં વિદ્યાર્થીઓ આ કોર્ષમાં જોડાઈ શકે છે.

આ કોર્ષ વિશે વિસ્તારથી માહિતી આપતાં પત્રકારત્વ વિભાગના કૉઓર્ડિનેટર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, સમાચાર એ યુગોથી માનવીના રસનો વિષય રહ્યા છે અને સમાચારનો પ્રસાર કરનારા લોકો હંમેશા સમાજમાં એક અલગ સ્થાન પામ્યા છે એ જ કારણસર તો અખબારોને ચોથી જાગીર કહેવામાં આવે છે.

વધુમાં તેમણે આજનો જમાનો તો ઈલેક્ટ્રોનિક મિડીયાનો જમાનો છે. માત્ર સમાચારોનો પ્રસાર જ નહીં, એક શિસ્તબદ્ધ ખોજકારની જેમ સમાચારો શોધવા, ઓળખવા અને એને પ્રસ્તુત કરવાનો એક વ્યવસ્થિત વ્યવસાય આજે શરૂ થયો છે અને અત્યંત સફળતાપૂર્વક ચાલવા પણ લાગ્યો છે. એક અહેવાલ પ્રમાણે આગામી પાંચ વર્ષોમાં લોકલ ન્યૂઝ ચેનલો રાષ્ટ્રીય ન્યૂઝ ચેનલો કરતાં વધુ સંખ્યામાં હશે અને એ ન્યૂઝ ચેનલો માટે પત્રકારત્વના જાણકાર વ્યક્તિઓ એટલે કે મિડિયામેનની પણ બહુ મોટી જરૂરિયાત ઊભી થવાની છે.

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન શરૂ કરવામાં આવ્યો છે. અભ્યાસક્રમમાં પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી એન્કરીંગ અને વૉઈસ ઓવર, વૉઈસ મોડ્યુલેશન અને ડબિંગની પ્રૅક્ટીકલ ટ્રેનીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અભ્યાસક્રમની વધુ માહિતી તથા ફોર્મ મેળવવા માટે પત્રકારત્વ વિભાગ, યુનિવર્સિટી બિલ્ડીંગ, સેકટર-૧૫ ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈ શકો છો અથવા મો. ૯૪૨૭૭૮૩૨૭૮૫, ૮૪૦૧૮૬૩૨૯૫૨ સંપર્ક કરવો.

દૂર કોઇ ગાયે, ધુન યે સુનાયેં..!! 'શમશાદ' ગાયકીની દુનિયાની પહેલી 'બેગમ'..!!

મંદિરનાં ઘંટારવની સ્વરમોહિની શમશાદ બેગમને 'કલાગુર્જરી'એ યાદે શમશાદથી એમનાં સુમસાન થયેલાં સ્વરને શ્રદ્ધાંજલિ રૂપે સૂરીલા ગીતોનો રસથાળ સમર્પીત કર્યો

ઊઘડતે પડદે

- સંજય થોરાત

ભારતીય ફિલ્મ હિન્દી સિનેમાને સો વર્ષ પૂર્ણ થયાં અને ૧૪મી એપ્રીલ ૧૯૧૯ના રોજ શમશાદ બેગમનો જન્મ થયેલો ત્યારે ફિલ્મી દુનિયાની ઉંમર ૬ વર્ષની હતી એટલે કે બંનેનો ઉછેર એક સાથે થયો એમ જ કહી શકાય... શમશાદ બેગમનો સ્વર એકદમ શુદ્ધ રણકતો હતો અને શમશાદના ગીતોથી અનેક નામના મેળવનાર સંગીતકાર ઓ.પી.નેયર બેગમનાં સ્વરને મંદિરનો ઘંટારવ ગણાવતા હતા. નૂરજહાં, મુબારક બેગમ, સુરૈયા, સુધા મલ્હોત્રા, લગા મંગેશકર, આશા ભોંસલે, ગીતા દત્ત અને આમીરભાઈ કર્ણાટકી જેવી સમકાલીન ગાયિકાઓ વચ્ચે પોતાના વિશિષ્ટ અવાજને કારણે ૧૯૪૦થી ૬૦ના દાયકાના અંત સુધી બેગમે સુપ્રસિદ્ધ ગીતોની ઝડી વરસાવી હતી... શમશાદ બેગમનું ૨૩મી એપ્રિલ ૨૦૧૩ના રોજ નિધન થયું અને એમનો અવાજ સુમસાન થઈ ગયો...

ગાંધીનગરની કલાની ઉપાસક 'કલાગુર્જરી' સંસ્થાએ યાદે શમશાદનાં શિર્ષક હેઠળ શમશાદ બેગમનાં ગીતોનો રસથાળ પીરસી દીધો. કેદારનાથમાં થયેલા ઉથલપાથલમાં શમશાદ બેગમને મળવા નીકળી પડેલા હજારો લોકોને બે મિનિટમાં મૌનની શ્રદ્ધાંજલિ સાથે બેગમને સૂર-સ્વરની શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ શરૂ થયો... પ્રમુખ એમ.પી.પટેલ ભાવવાહી બનતાં શબ્દોને શોધીને શકતાં સૌનું સ્વાગત કહી વિરમી ગયા. કલાનું જતન અને સંવર્ધન કરવું એ સંસ્થાનું કામ છે અને એટલે સ્વરની અસાધારણ મલિકા એવી શમશાદ બેગમનાં ગીતોને માણવાનું ગોઠવ્યું એવું મહેન્દ્રભાઈએ કહ્યું. એક સરસ શૅર સાથે કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં યંગસ્ટર્સની હાજરીને જયરાજસિંહ સરવૈયાએ દિલથી વધાવી લીધી...

'કાહે કોયલ શોર મચાયેં રે, મોહે અપના કોઇ આયે રે, કહે દો કહે દો, કોયલ સે ના ગાયે રે, મોહે અપના કોઇ યાદ આયે રે.' શમશાદ ને શ્રદ્ધાંજલિ અર્પવા કદાચ આનાથી શ્રેષ્ઠ બીજું કોઇ ગીત હોઇ જ ના શકે, આર.કે. ની પ્રથમ ફિલ્મ 'આગ' મીયા હુશ્ન બક્ષની રચના સામે રામ ગાંગુલીનું સંગીતનાં પ્રથમ ગીતથી કાર્યક્રમ સુપરડુપર રહેશે એવું લાગી ગયું...

મુંબઈમાં નૌશાદ સાથે શમશાદ બેગમનો પરિચય થતાં એમનાં કેરિયરમાં ગજબનો ચઢાવ આવી ગયો, શમશાદને ફિલ્મી ગીતો ગાવાનું નૌશાદે જ શીખવ્યું એવું શમશાદ કહેતા... 'હોલી આઇ રે કન્હાઇ રંગ છલકે સુના દે જરા બાસુંરી' શકીલ બદાયુંની રચના કોરસની સંગતથી ગોલ્ડન યેરાની યાદ આવી ગઈ... આમ તો 'મધર ઈન્ડિયા'ના આ ગીતની સાથે અન્ય ત્રણ ગીતોય એટલાં જ ફેમસ થયેલાં હતા...

શમશાદને ફિલ્મી સંગીતમાં લઈ આવવાનું શ્રેય ગુલામ હૈદરને જાય છે ૧૯૪૧માં 'ખજાનચી' ફિલ્મ માટે ગયું એ પહેલાં તેઓ રેડિયો દ્વારા પણ પ્રસિદ્ધ હતા, એમની પહેલી જ ફિલ્મમાં એમણે નવ ગીતો ગાયેલાં. 'જાદુ અને સાવન' ફિલ્મનાં ગીતોની એક મેડલી રજૂ થઈ... 'ઠંડ સરક હૈ, અકડ અકડ કે ચલો ના બાબુ,' સજનજી લે આયે રે, ગીત ગીત તારે મેં હાર ગઇ રાત ગઇ, હાય મેંરે સૈયા ના આયે મુલાકાત કો, 'ભીગા ભાગા પ્યાર કા સમા બતા દે તુજે જાના હૈ કહાં (રફી સાથે ડ્યુએટ) આ ગીત ઘોડાગાડીના રીધમ પર છે. અને ઓ.પી.નૈયરે આજ રીધમ પર ૪૨ ગીતો બનાવેલાં છે.

તલત મહેમૂદ સાથે ગાયેલું 'બાબુલ'નું ડ્યુએટ સોંગ 'મિલતે હી આંખે દિલ હુઆ દિવાના કીસીકા, અફસાના મેરા બન ગયા અફસાના કીસી કા' બધાને ગમી ગયું, આ જ ફિલ્મનું અન્ય એક રાગ દરબારી કાનડા પર આધારિત 'દુનિયા બદલ ગઈ' પ્રખ્યાત થયું હતું... મધર ઈન્ડિયાનું અન્ય એક ગીત' ઓ ગાડી વાલે ગાડી ધીરે હાંક રે, જીયા ઉડા જાયે લડે આંખ રે... ૧૯૫૬માં આવેલી 'નયા અંદાજ' ફિલ્મનું ગીત 'મેરી નિંદો મેં તુમ, મેરે ખ્વાબો મેં તુમ, હો ચૂકે હમ તુમારી મોહબ્બત મેં ગુમ' કિશોરકુમારનું ડ્યુએટ હતું અને આ વખતે સ્ટ્રગલ કરતાં કિશોરે શમશાદ ને પૂછ્યું, 'આપા, આપ કે જૈસા મેરા નામભી હોગા કી નહીં?' અને એમણે પ્રેમથી હાથ ફેરવી શુભેચ્છા આપેલી...

કાર્યક્રમ શમશાદમય થતો ચાલ્યો અને ઓ.પી.નૈયરનાં સુપરહીટ ગીતોની ઝડી વરસાવી... કજરા મોહબ્બતવાલા અખીંયો મેં ઐસા ડાલા, કભી આર કભી પાર તીરે નજર, કહીં પે નિગાહેં કહી પે નિશાના, હો લે કે પહેલા પહેલા પ્યાર ભરકે આંખોમે ખુમાર જાદુ નગરી સે આયા હેં કોઈ જાદુગર... કિસ્મત, સીઆઈડી અને આરપારનાં આ ગીતો ધમાલ મચાવી ગયાં, આ મેડલેમાં ઢોલક, તબલાં, કલેરોનેટ, ફલ્યૂટ બધા સાજીંદાઓ મનમુકીને ખીલી ઉઠ્યા...

'ચમન કે રહે કે વિરાના મેરા દિલ હોતા જાતા હૈ, ખુશી મેં આજકલ કુછ ગમ ભી શામિલ હોતા જાના હૈ.' શકીલનું ગીત, નૌશાદનું સંગીત અને ૧૯૫૧ની ફિલ્મ દિદારનું ગીત એમને થયેલાં અન્યાયનો પડઘો પાડતાં ઘૂંટાયેલાં દર્દનું ગીત હતું... મેરી જાન મેરી જાન સંડે કે સંડે આના, પી.એલ. સંતોષીનું લખેલું અને સી.રામચંદ્રનું સંગીતમય આના, 'શહેનાઇ'નું આજેય એટલું જ ફૅમસ છે. સી.રામચંદ્ર હિન્દી ફિલ્મોનાં વેસ્ટર્ન ટ્યૂન ગીતો લાવવાનો માન મરતબો ધરાવે છે...

૧૯૪૯ની ફિલ્મ પતંગાનું 'ઓ દિલવાલો, દિલ કા લગાના અચ્છા હૈ પર કભી કભી. પાકિસ્તાનનાં આ ગાયીકા રૂઢીચુસ્ત પરિવારમાંથી આવતાં હતા. એટલે શમશાદ બુરખો પહેરીને જ ગાશે અને એ એને ગંભીરતાથી વળગી રહ્યાં એટલે એમણે વર્ષો સુધી એમનો એકેય ફોટો પ્રસિદ્ધ થવા દીધો નહીં... 'મધર ઈન્ડિયા'નું દુઃખ ભરે દિન બીતે રે ભૈયા અબ સુખ આયો રે...' અદ્‌ભૂત કોરસ સજ્જડ સંગીત સાથે ગીત વન્સમોર થયું...

ફિલ્મ પતંગાનું ગીત 'મેરે પિયા ગયે રંગૂન કિયા હૈ વહાં સે ટેલીફુન' આજેય કેટલાંય લોકોની રીંગટોનમાં સાંભળવા મળે છે, મજાની વાત તો એ છે કે આ પ્રસિદ્ધ થયેલાં ગીતનાં રેકોર્ડીંગ વખતે ભારત અને રંગૂન (બર્મા-મ્યાનમાર) વચ્ચે ટેલીફોન સર્વિસનું અસ્તિત્વ જ નહોતું!! સી. રામચંદ્રનું એક નવું વેરાયટી ધરાવતું યાદગાર ગીત...

નૌશાદનું સંગીતબદ્ધ મેલાનું ગીત 'ધરતી કો આકાશ પુકારે, આજા આજા પ્રેમ દૂવારે, આના હી હોગા' જેવું પ્રેમગીત પણ શમશાદનાં કંઠમાં જામી જતું... શમશાદને એ વખતે એકસાથે બાર ગીતોનો કોન્ટ્રાક્ટ મળ્યો જયારે એક ગીતનાં ૧૨ રૂપિયા ફી હતી અને આઝાદી પહેલાનાં જમાનામાં એ અધિક જ કહેવાતી અને એમાંય એક છોકરી માટે તો અત્યંક અધિક!!

'મેલા'નું આઈ સાવન ઋતુ આઈ, સજન મોરા ડોલે, હે મન લાગી, આજા મોહન ઘર આજા... છોડ બાબુલ કા ઘર આજ પિકે નગર તોહે જાના પડા 'બાબુલ' અને પીકે ઘર આજ પ્યારી દુલ્હનિયા ચલી (મધર ઈન્ડિયા) રોયે માતા-પિતા ઉનકી દુનિયા ચલી... બંને વિદાયગીતોની રજૂઆત કન્યાવિદાયનું ચિત્ર ખડું કરવામાં સફળ રહી...

આ સમગ્ર કાર્યક્રમનાં મ્યુઝીક એરેંઝર અમીત ઠક્કર એ સંગીતને સમર્પીત ઈન્સાન છે, એણે કહ્યું કે 'શમશાદ શ્વાસ કયારે લેતા એ ખબર જ ના પડે, આકાર તોડતાં નહોતા, એમનાં ફેફસાં કંઇ અલગ

પ્રકારનાં જ હોવા જોઈએ અને એટલે જ ના પડે, આકાર તોડતાં નહોતા, એમનાં ફેફસાં કંઇ અલગ પ્રકારનાં જ હોવા જોઈએ અને એટલે જ એમાં દર્દ ઘૂંટાતું' એમણે ફરી આ જ ગીતની પંક્તિ દિપ્તી દેસાઈ પાસે ગવડાવી એમના અવાજનું મહત્ત્વ સાબિત કર્યું...

'ટેમ્પલ બેલ' તરીકે ઉપનામ ધરાવતાં શમશાદનું ૧૯૫૧ની 'બહાર' ફિલ્મનું ગીત 'સૈયા દિલ મેં આના રે, હો આકે ફિલ ના જાના રે, હો આકે ફિર ના જાના રે, છમ છમા છમ છમ ... ગીત રજૂઆત મસ્ત રહી... ૧૯૫૩માં આવેલી રેલ કા ડીબ્બા ફિલ્મનું રેપ સૉંગ' લાદે મુજે બાલમા આસમાની ચૂડીયા, દિલ કો મેરે ભાયેના યે પુરાની ચૂડીયા' રફી - શમશાદનું ડ્યુએટ અને ગુલામ મોહમ્મદનું સંગીત ટાઉનહોલ આખો તાળીઓથી વરસી ઉઠ્યો અને ગીત વન્મોર થઇ ગયું, આકાય કાર્યક્રમનું આ સૌથી વખળાયેલું ગીત બન્યું...

'નયા દૌર'નું 'રેશ્મી સલવાર કૂર્તા જાલી કા, રૂપ સહા નહી જાયે નખરેવાલી કા' રફી-લતા-શમશાદનું ગાયેલું દિદારનું 'બચપન કે દિન ભૂલા ન દેના, આજ હંસે કલ રૂલાના દેના,' કિસી કે દિલ મેં રહેના થા વો મેરે દિલ મેં કયોં આયે.' બાબુલ અને 'મેરા દિલ તોડને વાલે, મીરા કર મેરી દુનિયા કો નઈ દુનિયા બસા દેના' મેલાનું બંને ગીતો જબરદસ્ત રહ્યા... 'આવારા'નું ગીત 'એક તો તીન આજા મૌસમ હે રંગીન, રાત કો છુપ છુપ કે મિલના દુનિયા સમજે પાપ રે...'

'બરસાત'ના ગીતો લતાએ શમશાદનાં ટોનમાં એટલે કે નાસિકા પ્રધાન એટલા માટે ગાયા તાં કે શમશાદ ને ના લેવાય એજ શમશાદે 'મુઘલ-એ-આઝમ' ની કવ્વાલી 'તેરી મહેફીલમે કિસ્મત આજમા કર હમ ભી દેખેંગે' કોઇ નારાજગી વગર લતા જોડે ડ્યુએટમાં ગાઇ હતી, આની એક બીજી પંક્તિ 'યે કયા કમ હૈ કે મર જાને પર દુનિયા યાદ કરતી હૈ' પર તો આ ગીત વન્સમોર થયું અને કલાકારોએ ગાયું પણ... શમશાદ બેગમ જેવા ૭૦-૮૦ વર્ષ જૂની ગાયિકાનાં કાર્યક્રમનાં ત્રણ ત્રણ ગીતો વન્સમોરની જીદ પર ફરી ગાવાં પડે એ સફળતાનો સિક્કો જ કહેવાય ને?

આ સમગ્ર કાર્યક્રમ માટે ૪૫ ગીતો અમીત ઠક્કર અને સાજીંદાઓએ તૈયાર કરેલા, ઑરકેસ્ટ્રા એ સજ્જડ પાસુ હતું અને એમાંય વડોદરાથી બોલાવેલા કેલેરોનેટ અને ફલ્યુટ વાદકો એટલે સંગીત અને ગીતને જોડતી કડી બની રહી... નયના શર્મા, દિપ્તી દેસાઇ, મિહીર જાની, નિરજ પાઠક અને શેફાલી બધાંએ દરેક ગીતોને એટલી તન્મયતાથી ગાયાં કે ગીતો માણવા જેવાં બની રહ્યાં... સંગીત સંચાલક અને ઓર્ગન કિ-બોર્ડ પ્લેયર અમીત ઠક્કરની મહેતન ઉડીને આંખે વળગે એવી રહી...

એમણે છેલ્લે મેડલીમાં 'દૂર કોઇ ગાયેં ધૂન યે સૂનાયે, તેરે બીન છલીયા રે બાજે ના મુરલીયા રૈ' દુનિયા કા મજા લે તો દુનિયા તુમ્હારી હૈ અને 'ઉડન' ખટોલે પે ઉડ જાઉં તેરે હાથનાં આઉં' થી કાર્યક્રમને કાયમ સંભારણામાં રહે એવો બનાવી દીધો... કાર્યક્રમનાં સૂત્ર સંચાલક મોહસીન શેખે શમશાદ બેગમ અને ગીતો-ફિલ્મોની અનેક વિગતો વિરસી શ્રોતાઓને મજા પમાડી દીધી... જયરાજસિંહ સરવૈયા અને 'કલાગુર્જરી' ટીમને સુંદર કાર્યક્રમ માટે અભિનંદન... શમશાદ બેગમની કરિયર બનાવનાર અને છેલ્લે એમને નારાજ કરનાર અને છતાંય એમનાં નામનો એવોર્ડ શમશાદને મળેલો એવાં ઓ.પી. નૈયરનું અતિપ્રસિદ્ધ ગીત છેક સુધી મનમાં રમતું હતું કે વાગશે, પણ કદાચ છુટી ગયું એની પંક્તિ સાથે પૂર્ણ વિરામ... બુઝ મેરા કયા નામ રે, નદી કિનારે ગાંવ રે, પીપલ ઝુમે મેરે આંગના ઠંડી ઠંડી છાંવ રે... કોઇ જાતનાં ઠઠારા વગર, પ્રસિદ્ધિ વગર, અવાજની કલા પાથરી અમર થનારા 'શમશાદ બેગમ' ને સલામ...!!